પરિશિષ્ટ :- ૩ (ત્રીજુ)

**મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટની કલમ -૨૨ મુજબ મુંબઈ પબ્લીક ટ્રસ્ટ (ગુજરાત) રૂલ્સ-૧૯૬૧ના નિયમ ૧૩(૧) અન્વયેનો ફેરફાર રિપોર્ટ.**

**<u>સાર્વજનિક ટ્રસ્ટનું નામ</u> : શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ-અમદાવાદ** **નોંધણી નંબર : એ-૧૮૨૪**

સરનામું : શ્રી પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહ, પંકજ વિદ્યાલય સામે, ગુલબાઈ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ -૩૮૦ ૦૦૬.

| ફેરફારનો પ્રકાર | ફેરફારનાં કારણો | રિમાર્ક |
|---|---|---|
| **જુના તમામ નામો કમી કરી નવા ટ્રસ્ટીઓના નામો દાખલ કરવા બાબત**<br><br>૧. કાન્તીભાઈ કેશવલાલ નાયી -ગાંધીનગર<br>૨. નાનુભાઈ મંગળભાઈ વાળંદ -અમદાવાદ<br>૩. ગોપાળભાઈ ગુલાબચંદ શર્મા -ગાંધીનગર<br>૪. બાબુભાઈ પ્રહલાદભાઈ લિંબાચીયા -ગાંધીનગર<br>૫. આત્મારામ મોહનલાલ વાળંદ -ગાંધીનગર<br>૬. કાળીદાસ કચરાલાલ પારેખ -અમદાવાદ<br>૭. મફતલાલ શિવરામ શર્મા -અમદાવાદ<br>૮. સુરેશભાઈ જીવણલાલ શર્મા -અમદાવાદ<br>૯. દિલીપભાઈ જાદવજી વાઘેલા -સુરત | શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદના છેલ્લે તા. ૨૦-૫-૦૧ના રોજ ચુંટવામાં આવેલ ટ્રસ્ટીઓની મુદત તા. ૩૦-૫-૦૬ના રોજ પુરી થતા. તા. ૧-૩-૦૬ના રોજ જાહેરનામું બહાર પાડી તા. ૧૯-૩-૦૬ના રોજ ચુંટણી માટેની સામાન્ય સભા બોલાવેલ પરંતું તા. ૧૩-૩-૦૬ના રોજ તમામ નવ ટ્રસ્ટીઓને બીનહરીફ ચુંટાયેલા જાહેર કરી તા. ૧૯-૩-૦૬ની સામાન્ય સભા રદ કરવામાં આવેલ.<br>જેના અનુસંધાને ફેરફાર રીપોર્ટ ૧૧૩૨/૦૬ને પડકારવામાં આવતાં મે.ચેરીટી કમી.સાહેબે આ ચુંટાયેલા જાહેર કરેલા ટ્રસ્ટીઓને ફેરફાર રીપોર્ટ તા. ૩૦-૧૧-૦૭ના રોજ ના હુકમથી નામંજુર કરેલ. જે હુકમને ટ્રસ્ટના પ્રમુખે સીટી સીવીલ કોર્ટમાં પરચુરણ દિવાની અરજી નં.-૯૨/૦૮થી અપીલ કરી પડકારેલ તે અરજી પણ તા. ૧૯-૦૧-૦૯ના રોજ ડીસમીસ થતાં ટ્રસ્ટના બંધારણ પ્રમાણે પાંચ વર્ષની મુદત માટે નવ ટ્રસ્ટીઓની ખાલી જગ્યા માટે ચુંટણી કરવી જરૂરી હતી. | <u>આ સાથે બીડેલ હુકમોની નકલો</u><br>૧. રીપોર્ટીંગ ટ્રસ્ટીનું સોંગદ નામું.<br>૨. ગુજરાત વાળંદ સેવા સંઘના બંધારણની નકલ<br>૩. પી.ટી.આરની નકલ<br>૪. ફેરફાર રીપોર્ટ નં. ૧૧૩૨/૦૨ હુકમ તા. ૨૯-૦૮-૦૭<br>૫. અપીલ નં. ૧૧/૦૭નો હુકમ તા. ૩૦-૧૧-૦૭<br>૬. સીટી સીવીલ કોર્ટની પરચુરણ દિવાની અરજી નં.૯૨/૦૮નો ફાઈનલ હુકમ તા. ૧૯-૦૧-૦૯<br>૭. ટ્રસ્ટીઓની ચુંટણી માટેનું જાહેરનામું.<br>૮. ચુંટાયેલા ટ્રસ્ટીઓ બાબતે સાધારણ સભા તા. ૨૯-૦૩-૦૯ ના ઠરાવ નં.-૨ની નકલ<br>૯. નવા નીમાયેલા ટ્રસ્ટીઓના સંમતિ પત્રક નં.-૯ |

આંક નંબર :
ફેરફાર રીપોર્ટ નં. ૩૨૮૦૯
તારીખ

શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ ટ્રસ્ટ રજી.નં. એ-૧૮૨૪ * અમદાવાદ *

તારીખ : ૩૦-૦૩-૦૯
સ્થળ : અમદાવાદ

(નાનુભાઈ એમ. વાળંદ)
મંત્રી/રીપોર્ટીંગ ટ્રસ્ટી

નકલ અરજી આવ્યા તા. ૧.૨.૧૦
નકલ તૈયાર કર્યા તા. ૧૦.૨.૧૦
નકલ આપ્યા તા. ૧૦.૨.૧૦

૯૩૭ [illegible]
[illegible]
[illegible]

૨૧/૮/૦૯

નાયબ ચેરીટી કમિશ્નર
અમદાવાદ પ્રદેશ, અમદાવાદ

આથી ખાત્રી આપવામાં આવે છે કે
આ પ્રમાણિત નકલ છે
[signature] ૨૦/૧/૧૦
અધિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
અમદાવાદ પ્રદેશ અમદાવાદ

નકલ ખર્ચ રૂા.
મુકાબલ ખર્ચ રૂા.
પેપર ખર્ચ રૂા.
કુલ ખર્ચ રૂા.

નકલ કરનાર..............
મુકાબલ કરનાર..............
શાખો..............

અંક:- ૨૮

## નાયબ ચેરીટી કમિશ્નર, અમદાવાદ (શહેર) સમક્ષ
## ઉપસ્થિત નાયબ ચેરીટી કમિશ્નર શ્રીમતી વી.આર. દવે

**ફેરફાર રીપોર્ટ નં.૩૨૮/૨૦૦૯.**

**વિષય** :- બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ની કલમ ૨૨ હેઠળ તપાસ.
**સંદર્ભ** :- ગુજરાત વાળંદ સેવા સંઘ
નોંધણી નં. એ / ૧૮૨૪ /અમદાવાદ.

**અરજદાર :-** શ્રી નાનુભાઇ એમ. વાળંદ
**અરજદાર તરફે એડવોકેટશ્રી** :- શ્રી સી. જી. શર્મા અને શ્રી કે. આર. પારેખ

નકલ અરજી આવ્યા તા. ૬/૨/૧૦
અધિક્ષક
નકલ તૈયાર કર્યા તા. ૧૦/૨/૧૦
અધિક્ષક
નકલ આપ્યા તા. ૧૦/૨/૧૦
અધિક્ષક ૧૦/૨/૧૦

**:: વિરુધ્ધ ::**

**સામાવાળા** :- ૧. શ્રી હરીભાઇ કે. ભાટીયા
૨. શ્રી નાનુભાઇ જી. વાજા
૩. શ્રી ચંદ્રીકાબેન એન. વાજા
**સામાવાળા તરફે એડવોકેટશ્રી** :- કોઇ નથી.

**:: ચુકાદો ::**

આ કામના અરજદારે જુના તમામ નામો પી.ટી.આર.માંથી કમી કરી, નવા ટ્રસ્ટીઓના નામો દાખલ કરવા અંગેનો ફેરફાર રીપોર્ટ રજુ કરેલો છે. ફેરફારના કારણમા દર્શાવેલ છે કે, સને ૨૦૦૧ના ટ્રસ્ટીઓની મુદત તા.૩૦/૫/૨૦૦૬ના રોજ પુરી થતા તા.૧/૩/૨૦૦૬ના રોજ જાહેરનામુ બહાર પાડી તા.૧૯/૩/૨૦૦૬ની ચુંટણી માટેની સમાન્ય સભા બોલાવેલી પરંતુ, તા.૧૩/૩/૨૦૦૬ના રોજ તમામ નવ ટ્રસ્ટીઓને બીનહરીફ ચુંટાયેલા જાહેર કરી તા.૧૯/૩/૨૦૦૬ની સામાન્ય સભા રદ કરવામા આવેલી. જેના આધારે ભરાયેલો ફેરફાર રીપોર્ટ નં.૧૧૩૨/૨૦૦૬ને પડકારવામા આવતા ચેરિટી કમિશ્નરશ્રીએ આ ફેરફાર રીપોર્ટ તા.૩૦/૧૧/૨૦૦૭ના રોજના હુકમથી નામંજુર કરેલો. જેની સામે ટ્રસ્ટના પ્રમુખે સીટી સીવીલ કોર્ટમા દીવાની પરચુ. અરજી નં.૯૨/૨૦૦૮ દાખલ કરતા તા.૧૯/૧/૨૦૦૯ના રોજ તે ડીસમીસ થવાથી ૫ વર્ષની મુદત માટે ૯ ટ્રસ્ટીઓની ખાલી જગા માટે ચુંટણી કરવી જરુરી હતી આ કામે કયા નામો કમી કરવાપાત્ર થાય છે તે અંગે કોઇ સ્પષ્ટતા ન હોવાથી સપ્લીમેન્ટ્રી નમુનો રજુ કરવા તા.૨૧/૮/૨૦૦૯ના રોજ આદેશ કરવામા આવેલો છે.

આંક-૨ થી ફેરફાર રીપોર્ટ ના સમર્થનમા અરજદારનુ સોગંદનામુ, નિશાની ૧/૧ થી બંધારણની નકલ, નિશાની ૧/૨ થી પી.ટી.આર.ની નકલ તથા ફેરફાર રીપોર્ટ નં.૧૧૩૨/૨૦૦૬ની સર્ટી.નકલની ઝેરોક્ષ રજુ કરેલી છે. નિશાની ૧/3 થી અપીલ નં.૧૧/૨૦૦૮ના કામે ચેરિટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, અમદાવાદનાએ કરેલ હુકમની જાણ કરતા પત્રની નકલ રજુ છે. ચેરિટી કમિશ્નરશ્રીએ ફેરફાર રીપોર્ટ નં.૧૧૩૨/૨૦૦૬ના કામે નાયબ ચેરિટી કમિશ્નરશ્રીએ કરેલ હુકમ રદ કરેલ છે અને તેના આધારે પી.ટી.આર.મા જે નામો દાખલ થયેલા હોય તે કમી કરવાનો હુકમ કરેલ છે. નિશાની ૧/૪ થી દિવાની પરચુ.અ.નં.૯૨/૨૦૦૮ ના કામે સીટી સીવીલ કોર્ટ અમદાવાદનાએ તા.૧૯/૧/૨૦૦૯ના રોજ કરેલ હુકમની નકલ રજુ કરેલી છે તે મુજબ ચેરિટી કમિશ્નરશ્રીએ અપીલ નં.૧૧/૨૦૭ના કામે કરેલ હુકમ વિરુધ્ધની સદરહુ અપીલ ડીસમીસ થયાનુ માલુમ પડે છે. નિશાની ૧/૫ થી ટ્રસ્ટીઓની ચુંટણી અંગેનુ જાહેરનામુ તથા સામાન્ય સભાની સુચના એવા મથાળા હેઠળ તા.૧/3/૨૦૦૯ના રોજ કુલ 3 સભ્યોની સહીથી ઇસ્યુ કરેલ એજન્ડાની નકલ સામેલ છે. નિશાની ૧/૬ મુજબ તા.૨૯/3/૨૦૦૯ની સામાન્ય સભા ઠરવા નં.૨ની નકલ રજુ કરેલી છે. આ ઠરાવ મુજબ કુલ ૯ ટ્રસ્ટીઓની બીનહરીફ ચુંટાયેલા જાહેર કરેલ છે જેમના નામો દાખલ કરવા આંક-૧ થી રજુઆત છે. નિશાની ૧/૭ થી અીનુક્રમે નિશાની ૧/૧૫ દાખલ થનારના સંમતિપત્ર રજુ છે. આ કામે તમામ પક્ષકારોને સુનાવણી નોટીસ કરવામા આવેલી છે. અસલ નોટીસ ફેરફાર રીપોર્ટ નં.૫૬૫/૨૦૦૯ના કામે આંક-૪ થી સામેલ છે તથા રજી.એ.ડી. બજયાની અસલપ્રતો પણ ફેરફાર રીપોર્ટ નં.૫૬૫/૨૦૦૯ના કામે સામેલ છે.

6/2

આંક-૪ થી શ્રી એન. જી. વાજાની વાંધા અરજી રજુ થયેલી છે. શ્રી વાજાએ વાંધા અરજીમા જણાવેલ છે કે, તા.૧/૪/૨૦૦૬ થી તા.3૧/3/૨૦૧૧ સુધીના સમય માટે નવા ટ્રસ્ટીઓની નીમણુંક કરી, તેનો ફેરફાર રીપોર્ટ નં.૧૧૩૨/૨૦૦૬ નાયબ ચેરિટી કમિશ્નરશ્રીએ મંજુર કરેલો છે જે દોઢ વર્ષના સમયગાળા પછી અરજદારે પડકારેલો છે. ચેરિટી કમિશ્નરના હુકમની સીટી સીવીલ કોર્ટ, અમદાવાદમા પડકારવામા આવેલી છે અને કેસ સુનાવણી ઉપર આવે તે પહેલા હોદ્દેદારો બદલાઇ ગયા અને અરજદાર હોદ્દેદાર તરીકે ચુંટાઇ આવેલા. ચુંટાઇ આવેલી વ્યકિતઓએ હોદ્દાનો દુરુપયોગ કરી સીટી સીવીલ કોર્ટમા દાખલ થયેલી અપીલ પરત ખેંચી લેવાની પુરશીશ રજુ કરતા સીટી સીવીલ કોર્ટે

તેને બહાલી આપેલી છે. ચેરિટી કમિશ્નરશ્રી તેમજ સીટી સીવીલ કોર્ટે અગાઉની ચુંટણી રદ કરેલી ન હોઇ નવી ચુંટણી કરવાનો પ્રશ્ન નથી. આ રીતે માર્ચ-૨૦૦૯મા હાથ ધરેલી ચુંટણીની સમગ્ર પ્રક્રિયા બંધારણ સાથે સુસંગત નથી. સામાન્ય સભાની લેખીત સુચના ૧૫ દિવસ અગાઉ પ્રત્યેક સભ્યને મોકલવાની થાય છે અને સામાન્ય સભા બોલાવવા માટે વ્યકિતગત નોટીસ આપવાનો હોય છે. આવી કોઇ નોટીસ આપેલી નથી. તેથી ગેરકાયદેસર ચુંટણી થયેલી હોવાથી પ્રક્રિયા સામે પોતાનો વાંધો હોવાનુ જાહેર કેરલ છે. નિશાની ૪/૧ થી ચેરિટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, સમક્ષની ન્યા.પરચુ અરજી નં.૩૫/૯ની નકલ રજુ કરેલી છે.

આંક-૫ થી અરજદાર તરફે શ્રી વાજાની અરજીનો જવાબ આપવામા આવેલો છે. અરજદારે જણાવેલ છે કે, ઘણા બધા લીગલ કોમ્પ્લીકેશન બાદ ચુટાયેલા ટ્રસ્ટીઓના નામ દાખલ કરવા અને જુના નામો કમી કરવા હાલનો ફરેફાર રીપોર્ટ રજુ કરેલો છે. ફેરફાર રીપોર્ટ નં.૮૨૫/૨૦૦૫ હોદ્દેદારોના ફરેફારોની નોંધ અંગે તથા ફેરફાર રીપોર્ટ નં.૧૧૩૨/૨૦૦૬ ટ્રસ્ટીઓના નામો દાખલ કરવા અંગેનો નિકાલ થયેલો હતો. બંધારણ પ્રમાણે ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો અલગ અલગ હોય છે. પી.ટી.આર. માટે ફકત ટ્રસ્ટીઓનો ફેરફાર ભરવાનો હોય છે. ફેરફાર રીપોર્ટ નં.૮૨૫/૨૦૦૫ને ટ્રસ્ટીઓની ચુટણી સાથે કંઇ લાગતુ વળગતુ નથી અને ફેરફાર આગઇ ચલાવવા માંગતા નથી તેવી પુરશીશ આપેલી હોવા છતા હોદ્દેદારોનો ફેરફાર રીપોર્ટ મંજુર કરી, આ ઓફીસે ફેરફાર રીપોર્ટ નં.૮૨૫/૨૦૦૫ ના બદલે ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ નંબર આપી કુલ ૩૧ હોદ્દેદારોના નામો પી.ટી.આર.મા દાખલ કરેલા છે. આ ફેરફાર રીપોર્ટ નં.૮૨૫/૨૦૦૫ના બદલે ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ના નામે દાખલ થયેલો છે. બંધારણ મુજબ હોદ્દેદારોની મુદત પુરી થઇ ગયેલી હોઇ તેમના નામો પણ કમી કરવા જરુરી છે. તેથી ફેરફાર રીપોર્ટ નં.૩૨૮/૨૦૦૯ પ્રમાણેના નામો દાખલ કરી ભુલથી કે સમજ ફેરથી દાખલ થયેલા નામો કમી કરવા માંગણી કરેલી છે. આ ઉપરાંત વર્ષો પહેલા દાખલ થયેલા પૈકી થોડા નામો રદ કરેલા છે. બાકીના ઘણા બધા નામો ટ્રસ્ટીઓ તરીકે દાખલ થયેલા છે. જેમાથી કોઇનુ હાલમા અસ્તિત્વ નથી તેથી પી.ટી.આ.ર ઉપરના પાન નં.૪ ઉપર અનુક્રમ નં.૬ થી ૧૭ ના નામો પણ કમી કરવા માંગણી કરેલી છે. ટ્રસ્ટીઓ ટ્રસ્ટની સ્થાવર જંગમ મીલકત સાથે પ્રત્યક્ષ સંકળાયેલા છે. ટ્રસ્ટીઓના નામો દાખલ કરવામા ન આવે તો વહીવટ અટકી પડે તેમ છે. ટ્રસ્ટના છાત્રાલયનુ બિલ્ડીંગ જર્જરીત દશામા છે અને તેને રીપેરીંગ માટે મોટા

દાતાઓએ રુપિયા સાઇઠ લાખનુ દાન જાહેર કરેલુ છે. આ કામ ન ચાલે તો દાન મળી શકે તેમ નથી અને આગળ વધવા માટે મ્યુ. કોર્પો. માંથી પરવાનગી લેવા ટ્રસ્ટીઓની સહીની જરુર છે તેથી ફેરફાર રીપોર્ટ સત્વરે મંજુર કરવા માંગણી કરેલી છે. આંક-૫ સાથે ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ ની સર્ટી. નકલની ઝેરોક્ષ રજુ કરેલી છે. તે મુજબ હોદ્દેદારોના નામો પીટી.આર.માં દાખલ થયેલા માલુમ પડે છે તથા ફેરફાર રીપોર્ટ નં.૮૨૫/૨૦૦૫ના કામે શ્રી નાનુભાઇ વાજાએ આપેલ પુરશીશની નકલ રજુ કરેલી છે. તે મુજબ શ્રી વાજાએ આ ફેરફાર રીપોર્ટ નં.૮૨૫/૨૦૦૫ દફતરે કરવા એટલે કે આગળ ચલાવવા માંગતા નથી તેવુ જાહેર કરેલ છે. નિશાની ૫/૪ થી જાહેર થયેલ દાનની વિગતોનુ લીસ્ટ રજુ કરેલ છે. નિશાની ૫/૫ થી કમી કરવાના નામોનુ લીસ્ટ રજુ કરેલ છે. નિશાની ૫/૬ થી અનુક્રમે નિશાની ૫/૧૪ દાખલ થનારના સોગંદનામા રજુ કરેલા છે. નિશાની ૫ /૧૫ થી નિશાની ૫/૨૩ દાખલ થનારન ઓળખના પુરાવા રજુ છે. આંક-૬ થી અરજદાર તરફે શ્રી સી.જી. શાર્મા તથા શ્રી કે. આર. પારેખનું સયુકત વકીલપત્ર રજુ છે. આંક-૭ થી અરજદાર તરફે પુરાવા લીસ્ટ સાથે નિશાની ૭/૧ થી આપેલો જવાબ, નિશાની ૭/૨ થી પરી.૩, નિશાની ૭/૩ થી તા.૧૦/૫/૨૦૦૯ની મહાસમીતીની મીટીંગમા થયેલા ઠરાવ નં.૪ની મીનીટસ રજુ કરેલ છે. જેમા હોદ્દેદારો અને વ્યવસ્થાપકે કરેલી નાણાંકીય ગેરીરીતીઓ તેમજ ઉચાપત અંગે આખરી નિર્ણય બાબતે ઠરાવ થયાનુ માલુમ પડે છે. પરંતુ તે ઠરાવ આ કામે સુસંગત નથી. અગાઉના વ્યવસ્થાપકો કે હોદ્દેદારોની ગેરીરીતીઓના કારણે ટ્રસ્ટને કોઇ નાણાંકીય નુકશાન થયેલુ હોય તો નુકશાન વળતર માટે અરજદાર કલમ-૩૮/૩૯ અન્વયે કાર્યવાહી કરવા રજુઆત કરી શકે છે. સદરહુ ફેરફાર રીપોર્ટના કામે બીપીટી એકટ ની કલમ-૨૨ના પરવ્યુમા નુકશાન અંગે કોઇ નિર્ણય લઇ શકાય તેમ નથી. તેથી સદરહુ પુરાવો આ કામે ધ્યાને લેવાપાત્ર નથી. નિશાની ૭/૪ થી ન્યાય પરચુ. અ.નં.૩૫/૨૦૦૯ના કામે આંક-૪ની અરજી ઉપર ચેરિટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજયનાએ કરેલ હુકમની નકલ રજુ કરેલી છે. નિશાની ૭/૫ થી વાંધેદારો સહીત કુલ ૮ વ્યકિતઓને અરજદાર તથા અન્યએ લખેલ પત્રની નકલ રજુ કરેલી છે જેમા ઉચાપત અંગે નિરાકરણ લાવવાનો ઉલ્લેખ છે પરંતુ તે દસ્તાવેજ આ કામે સુસંગત નથી. નિશાની ૭/૬ થી શ્રી એન. જી. વાજાએ અરજદાર તથા અન્ય બેને લખેલ પત્રની નકલ રજુ કરેલી છે.

આંક-૮ થી સામાવાળા શ્રી હરીભાઇ ખેમાભાઇ ભાટીયાનુ સોગંદનામુ રજુ છે. જેમા ટ્રસ્ટમાંથી નકલો મેળવવા પ્રયત્ન કરતા અરજદાર તથા તેમના મળતીયાઓએ નકલો આપી નથી તેવુ જાહેર કરેલ છે. આંક-૧૦ થી સામાવાળાઓએ આપેલ જવાબની નકલથી જાહેર કરેલ છે કે, રજુ થયેલા ફેરફાર રીપોર્ટ કાયદાકીય પીઠબળ વગરનો હોવાથી માન્ય રાખવા સામે વાંધો છે. જાહેરનામાના અનુસંધાને હોદ્દેદારોની વાર્ષિક સભાસદોની યાદી બહાર પાડેલી છે. વાર્ષિક સભાસદોની સંખ્યા ૧૮૬૨ દર્શાવવામા આવેલી છે. કુલ ૧૧૩૧ જેટલી સંખ્યાના મતદારોને ઉમેદવારી કરવાથી માંડીને ચુટણીની પ્રક્રિયામા ભાગ લેવા માટે ઇરાદાપુર્વક વંચીત રાખવામા આવેલ છે તેથી ફેરફાર રીપોર્ટ નામંજુર કરવા માંગણી છે તથા અરજદાર ટ્રસ્ટના રૂ.૫૦૦૦/-ના દેવાદાર હોવાથી બંધારણની કલમ-૮/૪/ગ મુજબ ગેરલાયક છે તેવી રજુઆત કરેલી છે. આંક-૧૧ના લીસ્ટ સાથે નિશાની ૧૧/૧ થી નિશાની ૧૧/૮ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે જેમા પી.ટી.આર.ની નકલ, ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ની નકલ, સંઘના સભ્યોની યાદી, ટ્રસ્ટના લેટરપેડ ઉપર પ્રકાશક તરીકે અવાચ્ય સહી કરનારે શ્રી નાનુભાઇવાળંદને લખેલ પત્રની નકલ, વાળંદ વિકાસમા છપાયેલ ફોટોગ્રાફની નકલ, ટ્રસ્ટના બંધારણની નકલ તથા સોગંદનામુ રજુ કરેલ છે.

આંક-૧૬ થી અરજદારની સરતપાસનુ સોગદંનામુ રજુ કરેલ છે. અરજદારે સોગંદ ઉપર જાહેર કરેલ છે કે, બંધારણની જોગવાઇ મુજબ ટ્રસ્ટની વ્યવસ્થા માટે કલમ-૮/૧ મુજબ સામાન્ય સભામા ૯ ટ્રસ્ટીઓની ચુંટણી કરેલી છે. તા.૧/૩/૨૦૦૯ના રોજ પ્રમુખ તથા મંત્રીની સહીથી જાહેરનામુ પ્રસિધ્ધ કરી વિગતવાર પ્રોગ્રામ જાહરે કરી જાહેરનામુ નોટીસ બોર્ડ ઉપર મુકી વાળંદ વિકાસ મુખપત્રમા પાન નં.૭ ઉપર પ્રસિધ્ધ કરી ટ્રસ્ટના કાયમી તથા વાર્ષિક સભ્યોને મોલકવામા આવેલ અને તે મુજબ તા.૨૯/૩/૨૦૦૯ના રોજ સામાન્ય સભામા ૯ સભ્યોની બીનહરીફ ચુંટણી કરવામા આવેલી છે અને તે ઠરાવની નકલ નિશાની ૧/૬ થી રજુ કરેલી છે. અને તે અંગેનો ફેરફાર રીપોર્ટ નિયત સમય મર્યાદામા તથા તેની સાથેનુ સુધારેલુ પરિશીષ્ટ નિશાની ૭/૨ થી રજુ કરેલ છે. જેમા જુના ટ્રસ્ટીઓના નામો કમી કરવા અને નવા નામો દાખલ કરવા રજુઆત છે. ટ્રસ્ટીઓના સંમતિપત્રકો રજુ કરલા છે જેની સહીઓ ઓળખાયેલી છે નવે નવ ટ્રસ્ટીઓના સોગંદનામા અને ફોટા સાથેના ઓળખપત્રની વિગતો રજુ કરેલી છે. તમામ

જરુરી દસ્તાવેજી પુરાવાઓ સાથે કાયદેસરની ચુંટણી પ્રક્રિયાને અનુસરીને ફેરફાર કરવામા આવેલો છે. ચુંટણીને કોઇપણ કોર્ટમા પડકારેલી નથી. કુલ-૩૩ વાંધેદારોને વાંધો રજુ કરવા સમય આપવામા આવેલો પરંતુ શ્રી નાનુભાઇ તથા ચંદ્રીકાબેન સિવાયનાએ વાંધો લીધેલો નથી. શ્રી નાનુભાઇવાજાએ વાંધો લીધેલો છે કે મહાસમીતીની મીટીંગ ખંભાત મુકામે મળેલી છે. શ્રી વાજાને પ્રાથમીક સભ્ય તરીકેથી દુર કરેલા છે તેથી તેમના વાંધો લેવાનો અધિકાર નથી. શ્રીમતી ચંદ્રીકાબેન વાજાએ ચુંટણીનુ જાહેરનામુ મળેલુ નથી તેવી ખોટી હકીકત જણાવેલી છે. શ્રી ચંદ્રીકાબેને જણાવેલ ૧૧૩૧ સભ્યો, વાર્ષિક હોઇ તેમની મુદત પુરી થઇ ગયેલી હોય આપોઆપ સભ્ય તરીકે રદ થયેલા છે. પોતે ટ્રસ્ટના દેવાદાર નથી પરંતુ, પોતાના પરીવાર તરફથી રુ.૨,૫૧,૦૦૦/-નુ દાન ટ્રસ્ટને આપેલુ છે. તેથી વાંધાઓમા કોઇ વજુદ નથી તેવુ સાબીત થાય છે. ફેરફાર રીપોર્ટ નં.૧૧૩૨/૨૦૦૬ થી દાખલ થયેલા ટ્રસ્ટીઓ વિરુધ્ધ અપીલ નં.૧૧/૨૦૦૭ થતા તા.૩૦/૧૧/૨૦૦૭ થી ચુટણી ગેરકાયદેસર ઠરાવી તે હુકમ વિરુધ્ધ સીટી સીવીલ કોર્ટમા કાઢી નાખેલી છે તથા હોદ્દેદારોના નામો શરતચુકથી દાખલ થયેલા હોઇ તેમજ તેમના હોદ્દાની મુદત પુરી થયેલી હોઇ તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની એલપીએ નં.૫૦૫/૨૦૦૮ના કામે થયેલ હુકમ મુજબ નવેસરથી હોદ્દેદારો ચુંટાયેલા હોઇ હોદ્દેદારોના નામો પી.ટી.આર.માંથી કમી કરવાના થાય છે અને આમ તમામ જુના નામો પી.ટી.આર.માંથી કમી કરવાના થાય છે. ઉલટ તપાસમા અરજદારે જાહેર કરેલ છે કે, ટ્રસ્ટના વાર્ષિક સભ્યોને મત આપવાની સત્તા છે. અરજદારે બંધારણની જોગવાઇઓનો સોગંદ ઉપર સ્વીકાર કરેલો છે. આંક-૨૨ તથા આંક-૨૩ થી અરજદાર તરફે પુરાવો બંધ કર્યાનુજાહેર કરેલ છે.

આંક-૨૪ થી શ્રી હરીભાઇ ભાટીયાએ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલુ છે. શ્રી હરીભાઇએ સોગંદ ઉપર જાહેર કરેલ છે કે, ટ્રસ્ટના બંધારણ મુજબ ચુટણીની કાર્યવાહી શરુકરતા પહેલા જાહેરનામુ તથા સભાસદોની યાદી પ્રસિધ્ધ કરવાની હોય છે અને આ યાદી સામે કોઇને વાંધો હોય તો યાદી પ્રસિધ્ધ કરતી વખતે વાંધો રજુ કરવા જાહેરાત કરવાની હોય છે. વાળંદ વિકાસ અંકના પાન નં.૭ ઉપર જાહેરનામુ પ્રસ્દ્ધિ કરેલ છે પરંતુ મતદારોની યાદી પ્રસિધ્ધ કરવા સબંધે કોઇ ઉલ્લેખ નથી ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ તા.૩૧/૩/૨૦૦૭ના રોજ જે વાર્ષિક સભાસદો હતા તેવુ સભાસદથી ન ભરે તો અને સભ્યપદ જાળવી ન રાખે તો પણ તા.૩૧/૩/૨૦૦૮ સુધીમા થનાર તમા ચુંટણીઓમા તેમનો

મતદાનનો અધિકાર અબાધિત રાખે અને તે હુકમના અનુસંધાને કારોબારીના સભાસદો તથા મહાસમીતીના સભાસદોની ચુંટણી તા.૪/૧૦/૨૦૦૮ના રોજ યોજવામા આવેલી. આ સભાસદોની યાદી ફેરફાર રીપોર્ટના કામે રજુ કરવામા આવેલી છે. તે મુજબ સભ્ય સંખ્ગા ૨૯૯૩ છે. તા.૧/૩/૨૦૦૯ના જાહેરનામામા વાર્ષિક સભ્યોની સંખ્યા ૧૭૭૮ છે તેથી ૧૨૧૫ સભાસદોને ચુંટણીમા ઉમેદવારી કરવા અને મતદાન કરવાના અધિકારથી વંચીત રાખવામા આવેલા. તા.૧૫/૯/૨૦૨૮નીસ પ્રસિધ્ધ થયેલી યાદીમા ૨૯૯૩ સભાસદોને માન્ય રાખવામા આવેલા છે. તેમના સભ્યપદ સામે કોઇએ વાંધો નોંધાવેલો નથી. સભાસદોની યાદીની નકલ શ્રી નાનુભાઇ વાળંદ લઇ ગયેલા છે જે સભાસદોને તા.૧૫/૯/૨૦૦૮ની સ્થિતિએ માન્ય રાખેલા હોય તે તમામ સભાસદો તા.૩૧/૩/૨૦૦૯ સુધી ચાલુ રાખવાના થાય છે. ટ્રસ્ટી મંડળની ચુંટણી પ્રક્રિયા શરુથી જ મનસ્વીરીતે કરવામા આવેલી છે. તેથી ફેરફાર રીપોર્ટ સામેનો વાંધો સ્વીકારી ફેરફાર રીપોર્ટ નામંજુર કરવા રજુઆત કરેલી છે. ઉલટ તપાસમા ફેરફાર સાથે સંલગ્ન ન હોય તેવા કેટલા સવાલો પુછવામા આવેલા છે. નિશાની ૨૪/૧ થી સામાવાળાએ જાહેરનામાની નકલ રજુ કરેલી છે. આંક-૨૫ થી કલોઝીંગ પુરશીશ રજુ કરેલી છે.

આંક-૨૬ થી અરજદાર તરફે લેખીત દલીલો રજુ છે. અરજદારે દલીલોમા જાહરે કરેલ છે કે, ફેરફાર રીપોર્ટ નં.૧૧૩૨/૨૦૦૬થી દાખલ થયેલા નામો ચેરિટી કમિશ્નરશ્રીના હુકમથી રદ કરેલા હોઇ ફેફાર રીપોર્ટ રજુ કરેલ છે. શ્રી હરીભાઇ ભાટીયાનો વાંધો ટકી તેમ નથી તેવુ જણાવેલ છે. આ ઉપરાંત સોગંદ ઉપરની જુબાનીમા દલીલોમા સમર્થન કરેલ છે. આંક-૨૭ થી શ્રી હરીભાઇ ભાટીયાએ પોતાની લેખીત દલીલો આપી, જણાવેલ છે કે, તા.૫/૧૦/૨૦૦૮ ના રોજ કહેવાતી ચુટણીથી જે હોદ્દેદારો ચુંટાયેલા છે તે અંગે ફેરફાર રીપોર્ટ રજુ કરેલ નથી કે આવો કોઇ ફેરફાર રીપોર્ટ નાયબ ચેરિટી કમિશ્નરશ્રીએ મંજુર કરેલો નથી. જયા સુધી ફેરફાર રીપોર્ટ મંજુર ન થાય ત્યા સુધી હોદ્દેદારોને કાયદેસરતા મળતી નથી. વર્ષ ૨૦૦૮-૦૯ના વાર્ષિક સભાસદોની યાદી તા.૧૬/૯/૨૦૦૮ની સ્થિતિએ પ્રસિધ્ધ કરવામા આવેલી છે. જે યાદી તા.૩૧/૩/૨૦૦૯ સુધી અમલમા રહે છે. શ્રી નાનુભાઇ વાળંદ મનસ્વીરીતે વાર્ષિક સભાસદોને રદ કર્યા. ૨૦૦૯ના વાર્ષિક સભાસદો ફી ન ભરે તો પણ મત આપવાનો તેમનો અધિકાર અબાધિત છે. અરજદાર ટ્રસ્ટના દેવાદાર

હોઇ આપોઆપ ટ્રસ્ટી મટી જાય તેથી ફેરફાર રીપોર્ટ નામંજુર કરવો જોઇએ તેવી માંગણી કરેલી છે.

આ કામે ઉપર મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે. જે ધ્યાને લેતા નીચે મુજબના નિર્ણયાત્મક મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઃ-**

૧. ફેરફાર રીપોર્ટ કાયદેસરનો છે? અને તે ગ્રાહય રાખવાપાત્ર છે?

૨. વાંધેદારના વાંધાઓ ગ્રાહય રાખવાપાત્ર થાય છે?

૩. શુ હુકમ?

**તારણોઃ-**

૧. હકારાત્મક.

૨. નકારાત્મક.

૩. છેવટના હુકમ મુજબ.

**કારણોઃ-**

આ કામે પી.ટી.આર.મા દર્શાવેલ તમામ હોદ્દેદારો તથા સભ્યોને સુનાવણીની રજી.એ.ડી. નોટીસો બજાવામા આવેલી છે. તે પૈકી શ્રી હરીભાઇ ભાટીયા, શ્રી એન. જી. વાજા તથા શ્રી ચંદ્રીકાબેન વાજાએ આ કામે વાંધો રજુ કરેલા છે. અન્ય કોઇ ઇસમનો વાંધો આ કામે રજુ થયો નથી તથા કેટલાક પક્ષકારોએ અરજદારને સમર્થન કરેલુ છે. તે અંગેનો આધાર ફેરફાર રીપોર્ટ નં.૫૬૫/૨૦૦૯ના કામે આંક-૩૯ થી સામેલ છે. રજુ થયેલા રેકર્ડ મુજબ ફેરફાર રીપોર્ટ નં.૧૧૩૨/૨૦૦૬ થી દાખલ થયેલા ટ્રસ્ટીઓના નામો ચેરિટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, અમદાવાદનાએ અપીલ નં.૧૧/૨૦૦૭ના કામે કરેલ હુકમ મુજબ રદ થઇ ગયેલા છે. એટલે કે હાલ પી.ટી.આર. ઉપરથી ટ્રસ્ટી તરીકેની હેસીયતથી દાખલ થયેલા નામો રદ કરવામા આવેલા છે. અલબત રીપોટીંગ ટ્રસ્ટીનુ નામ પી.ટી.આર.મા નથી. પરંતુ, ટ્રસ્ટના અગાઉના પ્રમુખ શ્રી એન. જી. વાજા અને હાલના રીપોટીંગ ટ્રસ્ટી વચ્ચે નામ. ગુજરાત હાઇકોર્ટ સુધી વિવાદો ઉપસ્થિત થવાના કારણે રેકર્ડ

ઉપરના ટ્રસ્ટીઓ મારફતે ફેરફાર રીપોર્ટ રજુ કરવામા આવેલો નથી. પરંતુ રીપોટીંગ ટ્રસ્ટી તે દાખલ થનાર ટ્રસ્ટી છે અને દાખલ થનાર ટ્રસ્ટી તરીકે પોતે ફેરફાર રીપોર્ટ રજુ કરેલ છે. ટ્રસ્ટના બંધારણની કલમ-૮/૪ મુજબ ટ્રસ્ટી મંડળની જોગવાઇ રાખવામા આવેલી છે અને આ જોગવાઇ મુજબ સંસ્થાના સ્થાવર જંગમ મીલકતો ટ્રસ્ટીઓના નામે રહેશે ટ્રસ્ટીઓની મુદત ૫ વર્ષની ગણાશે અને દર ૫ વર્ષેની આખરે સામાન્ય સભા ટ્રસટીઓની નવેસરથી નીમણુંક કરશે અને નિવૃત થતા ટ્રસ્ટીઓ ફરી ચુંટાવાને યોગ્ય ગણાશે તેવી જોગવાઇ દર્શાવવામા આવેલી છે. મુદત દરમ્યાન ખાલી પડતી ટ્રસ્ટીની જગા મહાસમીતી પુરી શકશે તેવી જોગવાઇ છે. સદરહુ કિસ્સામા ફેરફાર રીપોર્ટ નં.૧૧૩૨/૨૦૦૬ થી નીમાયેલા ટ્રસ્ટી મંડળ બાબતે વિવાદો ઉપસ્થિત થતા તેમજ ચેરિટી કમિશ્નરશ્રી, સીટી સવીલ કોર્ટ તથા નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ ટ્રસ્ટના હોદ્દેદારો અંગે વિવિધ પ્રકારના લીટીગેશનો દાખલ થતા અપીલ નં.૧૧/૨૦૦૭ તથા ઉત્તરોત્તર થયેલ દીવાની પરચુ. અ.નં.૯૨/૨૦૦૮ના હુકમ મુજબ કોઇપણ ટ્રસ્ટીનુ નામ પી.ટી.આર.મા નથી. બી.પી.ટી. એકટ ૧૯૫૦ની કલમ-૧૭ મુજબ તથા બીપીટી રુલ્સના નિયમ-૫ મુજબ દરેક ટ્રસ્ટનુ પી.ટી.આર. એટલે કે પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટર નીભાવવામા આવે છે અને તે રજીસ્ટરનો નિર્ધારીત નમુનો પ્રસ્થાપિત કરવામા આવેલો છે. આ નમુનામા ફેરફાર કરવાની સત્તા ફકત સરકારશ્રીને નિયમોથી મળેલી છે અને તે રીતે નિર્ધારીત થયેલા રજીસ્ટરના કોલમ નં.૩મા ટ્રસ્ટી અને મેનેજરોના નામ અને સરનામા દાખલ કરવા અંગેની જોગવાઇ છે. ટ્રસ્ટમા ટ્રસ્ટીઓ સિવાય અન્ય કમીટી ઓ અસ્તિત્વ ધરાવતી હોય તો પણ તેવા કમીટી સભ્યોના નામો કે હોદ્દાઓ પી.ટી.આર.મા દાખલ કરવા અંગે કોઇ જોગવાઇ બી.પી.ટી. એકટમા નથી. ફકત ટ્રસ્ટીઓના જ તથા મેનેજરોના જ નામો દાખલ કરવાના થાય છે. સદરહુ ટ્રસ્ટનુ પી.ટી.આર. જોતા ટ્રસ્ટીઓ ઉપરાંત, અન્ય કમીટી સભ્યોના નામો પણ નોંધાયેલા છે. ઘણા સમય અગાઉ નોંધાયેલા નામો કમી થયેલા નથી તથા ટ્રસ્ટના હોદ્દેદારો તથા અન્ય કમીટી સભ્યો માટે નામ. ગુજરાત હાઇકોર્ટના ડાયરેકશન મુજબની ચુંટણીઓ પણ થયેલી છે. હકીકતમા આ નામો દાખલ કરવા અંગેનો ફેરફાર રીપોર્ટ નં.૮૩૦/૨૦૦૫ આ કામના વાંધેદાર શ્રી એન જી. વાજા તરફે રજુ કરવામા આવેલો અને તે ફેરફાર રીપોર્ટ કારોબારી સભ્યો તથા હોદ્દેદારો તથા અન્ય સભ્યોના નામો પણ ટ્રસ્ટી તરીકે દાખલ કરવા રજુઆત થતા તે ફેરફાર રીપોર્ટ તા.૨૯/૭/૨૦૦૭ના રોજ મંજુર કરવામા આવેલો છે. પરંતુ, આ હોદ્દેદારો કારોબારી તથા

મહાસમીતીના સભ્યોની નોંધ કરવા અંગેનો ફેરફાર રીપોર્ટ જે તે સમના અરજદાર દ્વારા આગળ ચલાવવા માંગતા નથી તેવુ જાહેર કરવામા આવેલુ છે. પરંતુ ફેરફાર રીપોર્ટ નંબર લખવામા ભુલ થવાને કારણે ટ્રસ્ટના બંધારણ અંગે રજુ કરેલ ફેરફાર રીપોર્ટ દફતરે કરવામા આવેલો હોવાનુ માલુમ પડે છે. આમ, હોદ્દેદારો અને મહાસમીતીના સભ્યો અને કારોબારી સભ્યોના નામોને ટ્રસ્ટીઓની ચૂટણી અંગે કાંઇ લાગતુ વળગતુ નથી તેવુ આ કામના સામાવાળાએ જેતે સમયે એટલે કે તા.૨૨/૨/૨૦૦૭ના રોજ જાહેર કરેલ છે તેવુ રેકર્ડ ઉપર છે. આમ, હકીકતમા જે નામો પી.ટી.આર.મા ચાલુ રહેલા છે તે પૈકી કોઇ નામ ટ્રસ્ટીઓના નથી. ફકત સમજફેરના કારણે તેમજ જે તે સમયના અરજદાર દ્વારા ફેરફાર રીપોર્ટ નંબર ખોટો લખાવાના કારણે પીટી.આર.મા આ નામો દાખલ થયા હોવાનુ માલુમ પડે છે. તથા ટ્રસ્ટની શરુઆતની કમીટીના નામો કમી કરાવેલા ન હોઇ ચાલુ રહેવા પામેલા છે અને આ રીતે બીપીટી એકટની જોગવાઇથી વિરુધ્ધ સમજફેરના કારણે તેમજ શ્રી વાજાની રજુઆતના કારણે ફેરફાર મંજુર થયાનુ માલુમ પડે છે. તેથી ટ્રસ્ટીઓ સિવાયના તમામ નામો પી.ટીઆ.રમાંથી કમી કરવાપાત્ર થાય છે. અને આ નામો કમી કરવા અંગે અરજદારે નિશાની ૭/૨ થી નિયત નમુનાનુ પત્રક-૩ પણ રજુ કરેલુ છે. નિશાની ૧/૫ મુજબ સામાન્ય સભાની સુચના સહીતનુ ચુટણી અંગેનુ જાહેરનામુ બહાર પાડવામા આવેલુ છે અને આ જાહેરનામુ હોદ્દેદારોએ બહાર પાડેલુ હોવાનુ માલુમ પડે છે. આ જાહેરનામુ બહાર પાડયાનો કોઇપણ પક્ષે ઇન્કાર કરવામા આવેલો નથી તથા જાહેરનામા મુજબ તા.૨૯/૩/૨૦૦૯ના રોજ સામાન્ય સભામા બીનહરીફ ચુંટણી કરવામા આવેલી છે તેનો પણ ઇન્કાર કરવામા આવેલો નથી. તેથી હોદ્દેદારોએ જાહેરનામુ બહાર પાડયાનુ તથા સામાન્ય સભામા ચુંટણી કર્યાનુ બન્ને પક્ષેસ્વીકૃત હકીકત હોવાથી માનવાની રહે છે. સામાવાળાએ તા.૨૯/૩/૨૦૦૯ની ચુંટણી થયાનો ઇન્કાર કરેલ નથી પરંતુ આ ચુંટણી ગેરકાયદેસર હોવાની રજુઆત કરેલી છે. આ ઉપરાંત સામાવાળા તરફે આશરે ૧૨૦૦ જેટલા વાર્ષિક સભ્યોને વંચીત રાખ્યા અંગેની રજુઆત છે. પરંતુ, વાર્ષિક સભ્યો પૈકી જેમના નામો યાદીમાંથી નીકળી ગયા હોય તેવા એકપણ સભ્યએ આ કામે હાજર રહી પોતાનુ નામ ગેરકાયદેસરરીતે નીકળી જવા અંગેનો કોઇ વાંધો અમારી સમક્ષ ઉઠાવેલો નથી. આ કામના વાંધેદારોને આવો વાંધો ઉઠાવવા માટે રદ થયલા વાર્ષિક સભ્યોએ પ્રતિનિધિત્વ સોંપ્યુ હોય અથવા તો તેમના વતી વાંધો લેવા કોઇ સત્તા આપી હોય તેવા કોઇ આધારો સામાવાળા પક્ષે રજુ કરવામા આવેલા નથી. જયારે રદ થયેલા

વાર્ષિક સભ્યો પોતે જ આ બાબતે નિષ્ક્રિય હોય ત્યારે સામાવાળાઓનો આ પ્રકારનો વાંધો ટકી શકે તેમ નથી. ફેરફાર રીપોર્ટ નં.૧૧૩૨/૨૦૦૬ થી તમામ ટ્રસ્ટીઓના નામો દાખલ કરવામા આવેલા તે નામો અપીલના કામે થયેલ હુકમથી રદ કરવામા આવેલા છે. અને ટ્રસ્ટના બંધારણ મુજબ ટ્રસ્ટની સ્થાવર જંગમ મીલકતો ટ્રસ્ટીઓના નામે રહેતી હોવાથી ટ્રસ્ટીઓ વગરનુ ટ્રસ્ટ રાખી શકાય તેમ નથી. જો ટ્રસ્ટને ટ્રસ્ટીઓ વગર રાખવામા આવે તો ટ્રસ્ટની મીલકતોને નુકશાન થવાની સપુર્ણ સંભાવના રહેલી છે તે તમામ બાબતોને લક્ષમા લઇને પણ હાલનો ફેરફાર રીપોર્ટ મંજુર કરવો આવશ્યક છે. વાંધેદારો પૈકી શ્રી એન. જી. વાજા તથા શ્રી ચંદ્રીકાબેન વાજા એક યા બીજા બહાને કચેરી સમક્ષ હાજર રહેલા નથી. શ્રી ભાટીયાએ જે વાંધાઓ રજુ કરેલા છે તેવા વાંધાઓ રજુ કરવા રદ થયેલા વાર્ષિક સભ્યોએ સત્તા આપ્યાનો કોઇ આધાર રજુ કરેલો નથી. તેમજ ટ્રસ્ટના બંધારણ મુજબ ટ્રસ્ટીઓની ચુટણી કરતા અગાઉ સભાસદોની યાદી પ્રસિધ્ધ કરાવા અંગેની કોઇ જોગવાઇ બંધારણમા હોવાનુ જણાતુ નથી. તેમજ સભાસદોની યાદી અંગે જે વ્યકિતઓને પોતાના હકથી વંચીત રહેવુ પડયુ હોય તેવી વ્યકિતઓએ આ કામે કોઇ રજુઆત કરેલી નથી. તથા આ કામના અરજદાર ટ્રસ્ટના દેવાદાર હોવાની હકીકત પુરવાર કરેલી નથી. પ્રકાશકને સાક્ષી તરીકે તપાસેલા નથી કે અસલ દસ્તાવેજ સુનાવણી સમયે રજુ કરેલ નથી. પ્રકાશકનુ નામ દર્શાવેલ નથી તેથી અરજદાર સંઘના દેવાદાર હોવાની હકીકત પણ માની શકાય તેમ નથી. તે સંજોગોમા મુદા નં.૧ અને ૨ નો નિર્ણય ઉપર મુજબ ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## -:: હુકમ ::-

ફેરફાર રીપોર્ટ નં.૩૨૮/૨૦૦૯ મંજુર કરવામા આવે છે. તથા હુકમ કરવામા આવે છે કે આંક-૧ના કામે તા.૨૧/૮/૨૦૦૯ના રોજ થયેલ હુકમ મુજબ રજુ કરેલ નિશાની ૭/૨ ના પરીશિષ્ટ-૩ મુજબની નોંધ પી.ટી.આર.મા કરવી. વાંધેદારના વાંધાઓ નામંજુર કરવામા આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી. હુકમની જાણ તમામ પક્ષકારોને તથા અધિકૃત પ્રતિનિધિઓને કરવી.

(શ્રીમતી વી. આર. દવે)
નાયબ ચેરીટી કમિશ્નર
અમદાવાદ પ્રદેશ, અમદાવાદ.

તારીખ :૬/૨/૨૦૧૦.
સ્થળ : અમદાવાદ

નકલ ખર્ચ રૂા.
મુકાબલ ખર્ચ રૂા.
પેપર ખર્ચ રૂા.
કુલ ખર્ચ રૂા.

નકલ કરનાર........
મુકાબલ કરનાર........
શબ્દો........